Extra No. 247

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **MONDAY, JULY 7, 2025 / ASHADHA 16, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩જી જુલાઇ, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તારીખઃ ૧૫મી એપ્રિલ, ૨૦૨૫ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ જીવાય/૧૩/એચએફડબલ્યુડી/એમએસએમ/ઈ-ફાઈલ/૭/૨૦૨૪/૩૪૭૧/બી-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Regarding

The Senior Pharmacist / Senior Pharmacist cum Store Keeper, Class III, in the subordinate services of the Commissionerate of Health, Medical Services and Medical Education and Research /the Directorate of Medical Services, Employees' State Insurance Scheme, Recruitment Rules, 2025

કમિશનર, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ અને સંશોધનની કચેરી / નિયામક, તબીબી સેવાઓ, કામદાર રાજ્ય વીમા યોજનાની કચેરીની તાબાની સેવાઓમાં, સિનિયર ફાર્માસિસ્ટ / સિનિયર ફાર્માસિસ્ટ કમ સ્ટોર કીપર, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૨૫ સંબંધી

જાહેરનામું

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી એપ્રિલ, ૨૦૨૫

ભારતનું સંવિધાન.

ક્રમાંક. જીવાય/૧૩/એચએફડબલ્યુડી/એમએસએમ/ઈ-ફાઈલ/૭/૨૦૨૪/૩૪૭૧/બી:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, આ નિયમો કમિશનર, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ અને સંશોધનની કચેરી/નિયામક, તબીબી સેવાઓ, કામદાર રાજ્ય વીમા યોજનાની કચેરીની તાબાની સેવાઓમાં, સિનિયર ફાર્માસિસ્ટ/સિનિયર ફાર્માસિસ્ટ કમ સ્ટોર કીપર, વર્ગ ૩ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઇ કરવા નીચેના નિયમો કરે છે:-

૧. (૧) આ નિયમો કમિશનર, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ અને સંશોધનની કચેરી/નિયામક, તબીબી સેવાઓ, કામદાર રાજ્ય વીમા યોજનાની કચેરીની તાબાની સેવાઓમાં, સિનિયર ફાર્માસિસ્ટ/સિનિયર ફાર્માસિસ્ટ કમ સ્ટોર કીપર, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે, રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

૨. આ નિયમોમાં સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો સિનિયર ફાર્માસિસ્ટ/સિનિયર ફાર્માસિસ્ટ કમ સ્ટોર કીપર, વર્ગ ૩ એટલે આ નિયમો સાથે જોડેલ એનેક્ષરમાં સમાવિષ્ટ કરેલ જગાઓ.

૩. આ નિયમો કમિશનર, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ અને સંશોધનની કચેરી/નિયામક, તબીબી સેવાઓ, કામદાર રાજ્ય વીમા યોજનાની કચેરીની તાબાની સેવાઓમાં, સિનિયર ફાર્માસિસ્ટ/સિનિયર ફાર્માસિસ્ટ કમ સ્ટોર કીપર, વર્ગ ૩-ની જગા પરની નિમણૂક, જેણે,-

(ક) (૧) આ નિયમો કમિશનર, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ અને સંશોધનની કચેરી/નિયામક, તબીબી સેવાઓ, કામદાર રાજ્ય વીમા યોજનાની કચેરીની તાબાની સેવાઓમાં, આ નિયમો સાથે જોડેલ એનેક્ષરમાં સમાવિષ્ટ કરેલ જુનિયર ફાર્માસિસ્ટ, વર્ગ ૩ના સંવર્ગમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી કામ કર્યું હોય; અને

(૨) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરી હોય:

-તેવી વ્યક્તિમાંથી ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે, બઢતી માટે યોગ્ય ગણાવા માટે વિચારણાના ક્ષેત્રની અંદર, 'સારા'નો આધાર-ચિહ્ન (બેન્ચમાર્ક) ધરાવતી હોય તેવી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશે:

પરંતુ નિમણૂક આપનાર સત્તાધિકારીને એમ ખાતરી થાય કે ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલબ્ધ નથી અને તે મુદતથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી હોય તેવી વ્યક્તિને બઢતી આપી શકશે.

૪. બઢતીની જગાને લાગે વળગે છે ત્યાં સુધી, આ નિયમો સાથે જોડેલા એનેક્ષરમાં દર્શાવેલા જુદા જુદા વિભાગ/કચેરીઓના વડામાંથી બઢતી આપવાની હોય તે વ્યક્તિને, સંબંધિત અધિક નિયામક /નિયામકની કચેરી હેઠળ બઢતી આપવાની રહેશે.

૫. સીધી પસંદગીથી અથવા બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવાની રહેશે અને તેવી પરીક્ષા પાસ કરવાની રહેશે.

એનેક્ષર

(જુઓ નિયમ ૨)

અનુક્રમાંક	જગાનુ નામ	વિભાગ/કચેરીના વડા
૧.	સિનિયર ફાર્માસિસ્ટ/સિનિયર ફાર્માસિસ્ટ કમ સ્ટોર કીપર, વર્ગ ૩	૧. અધિક નિયામક, તબીબી સેવાઓ. ૨. અધિક નિયામક, તબીબી શિક્ષણ અને સંશોધન. ૩. નિયામક, તબીબી સેવાઓ, કામદાર રાજ્ય વીમા યોજનાની કચેરી

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

આર. એ. પ્રજાપતિ,

સરકારના ઉપસચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGHG THAKUR
Date: 2025.07.12 15:20:15 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar